Publication: Navgujarat Samay| Edition: Ahmedabad
Date: January 22, 2023| Page No: 07|Dairying
Headline: Tried duping people by giving recruitment advertisement of Panchmahal's Panchamrut Dairy



# પંચમહાલની પંચામૃત ડેરીમાં ભરતીની જાહેરાત કરીને લોકોને ખંખેરવાનો પ્રયાસ

## વોટ્સઅપના માધ્યમથી ખોટી જાહેરાત પ્રસિદ્ધ કરનાર બે સામે પોલીસ ફરિયાદ

**નવગુજરાત સમય** > ગોધરા

પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાની જીવાદોરી સમાન મધ્ય ગુજરાતમાં મહત્વની ગણાતી સહકારી સંસ્થા એવી ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ(પંચામૃત ડેરી)ના નામે વોટ્સએપના માધ્યમથી ભરતી માટે ખોટી જાહેરાત પ્રસિદ્ધ કરી છેતરપિંડી કરવાનું કૌભાંડ સામે આવ્યું છે.

પંચામૃત ડેરીમાં રિક્યુરમેન્ટ વિભાગમાં ફરજ બજાવતા સિનિયર ઓફિસર રોનકકુમાર પટેલની ઓફિસમાં એક બંધ કવરમાં ટપાલ આવી હતી. જે ટપાલમાં એક અરજદારે પંચામૃત ડેરીના મેનેજીંગ ડિરેક્ટરને ઉદ્દેશીને ઓનલાઈન જાહેરાતમાં ક્લાર્કની જગ્યાના અનુસંધાને અરજી કરી જણાવેલ કે, પંચામૃત ડેરી દ્વારા ઓનલાઈન મુકાયેલ જાહેરાતની છેલ્લી તા.૧૦/૦૧/૨૦૨૩ દર્શાવેલી પરંતુ તા.૦૯/૦૧/૨૦૨૩ ના રોજ ૩ વાગ્યાથી અરજીની લિન્ક બંધ થયેલ છે. જેથી આ જાહેરાતના અનુસંધાને ક્લાર્કની જગ્યા માટે અરજી કરીએ છીએ તેવી અરજી આવી હતી, જે બાબતે તપાસ કરતા પંચમહાલ ડેરી દ્વારા જુદા-જુદા વિભાગમાં જુદી-જુદી કામગીરી માટેની કોઈ સત્તાવાર જાહેરાત આપી નથી.તેમ છતાં વોટ્સએપ ગ્રુપના માધ્યમથી ખોટી જાહેરાત પ્રસિદ્ધ કરાયાનો એક મેસેજ વાયરલ થયાનું પંચામૃત ડેરીના અધિકારીને માલુમ પડ્યું હતું. જેમાં મહાદેવ કોમ્પ્યુટર લુણાવાડા, પરશુરામ ચોક બારોટવાડા, વરધરી રોડ, વર્ધમાન હાર્ડવેરની બાજુની દુકાન, લક્ષ્ય કોમ્પ્યુટર નીચે,લુણાવાડા, પ્રકાશ જાની-9737001298 અને અંકિત ખાંટ-8849280022 નો ઉલ્લેખ કરી મેસેજમાં પંચામૃત ડેરીમાં વિવિધ કાયમી જગ્યાઓ માટે ફોર્મ ભરવાની છેલ્લી તા.૧૦/૦૧/૨૦૨૩ દર્શાવેલી હતી.

આમ પંચામૃત ડેરીમાં આવેલ એક અરજદારની ટપાલ અને ચાર-પાંચ વ્યક્તિઓના જાહેરાત સંબંધે આવેલ ફોનને આધારે ડેરીના અધિકારીને સમગ્ર કૌભાંડ અંગેની જાણ થતાં પંચામૃત ડેરીના વિજિલન્સ ડિપાર્ટમેન્ટ એ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

પંચામૃત ડેરીના નામે વોટ્સએપના માધ્યમથી ખોટો મેસેજ વાયરલ કરનાર પ્રકાશ જાની રહે.સમ્રાજ્ય એપાર્ટમેન્ટ લુણાવાડા અને અંકિત ખાંટ રહે. ખાંટના ભેંસાવાડા લુણાવાડા નાઓ વિરૂદ્ધ ગુનો નોંધી બંને ઈસમોની ધરપકડ કરવામાં આવી હતી.